HWDSB

**Research and Analytics Department**
Hamilton-Wentworth District School Board
20 Education Court, P.O. Box 2558
Hamilton, ON L8N 3L1

સંદર્ભ: મિડલ યર ડેવલપમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ (MDI)

પ્રિય પરિવારો,

હેમિલ્ટન-વેન્ટવર્થ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ (HWDSB) ખાતે, અમે અવરોધોને ઓળખવા અને દૂર કરવા માટે પ્રતિબદ્ધ છીએ, જેથી તમામ વિદ્યાર્થીઓ સહાયક, સમાવિષ્ટ અને આદરપૂર્ણ વાતાવરણમાં ભણે. અમે કોવિડ-19 રોગચાળામાંથી તંદુરસ્ત વિકાસ અને ઉપચારને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો, સહાય અને સેવાઓ સાથે વિદ્યાર્થીઓની સુખાકારીને પણ મદદ કરીએ છીએ.

નવેમ્બરમાં, ગ્રેડ 4 થી 12 ના વિદ્યાર્થીઓ મિડલ યર ડેવલપમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ (MDI) પૂર્ણ કરશે. ગ્રેડ 4 થી 8 ના વિદ્યાર્થીઓએ 2018 માં આ સર્વે પૂર્ણ કર્યો હતો અને પ્રાથમિક અને માધ્યમિક બંનેમાં કેટલાક વિદ્યાર્થીઓએ આ ગઈ વસંત ઋતુમાં MDI નું ટૂંકું સંસ્કરણ પૂર્ણ કર્યું હતું. નવેમ્બરમાં, વિદ્યાર્થીઓ શાળાના સ્ટાફની દેખરેખ સાથે શાળા સમય દરમિયાન આ ઓનલાઈન સર્વેક્ષણ કરશે. તમારા બાળકના જવાબો ખાનગી, ગોપનીય હશે અને નામથી ઓળખાશે નહીં.

**આ અભ્યાસનો હેતુ શું છે?**
HWDSB મધ્યમ વર્ષોમાં બાળ વિકાસનાં પાસાંને વધુ સારી રીતે સમજવા માંગે છે જે સુખાકારી, આરોગ્ય અને શાળાની સફળતાને અસર કરતાં હોય છે. આ સર્વે વિદ્યાર્થીઓને શાળા અને સમુદાયમાં તેમના વિચારો, લાગણીઓ અને અનુભવો વિશે પૂછશે. HWDSB અભ્યાસનાં પરિણામોનો ઉપયોગ બાળકો માટે સુધારો કરનારા કાર્યક્રમો અને સેવાઓ વિશે મહત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે કરશે.

આ સર્વે વિદ્યાર્થીઓને આના વિશેના પ્રશ્નો પૂછે છે:
1) સામાજિક અને ભાવનાત્મક વિકાસ, જેમ કે આત્મસન્માન, આશાવાદ, આનંદ અને સમાનુભૂતિ;
2) શાળા, કુટુંબ, મિત્રો અને સમુદાયો સાથે જોડાણની લાગણી;
3) શાળાના અનુભવો;
4) શારીરિક સ્વાસ્થ્ય અને સુખાકારી; અને
5) શાળાના સમય પછીના સમયનો ઉપયોગ, તેમજ શાળા પછીના સમય માટેની બાળકોની ઇચ્છાઓ.

**મારા બાળકની ગોપનીયતા કેવી રીતે સુરક્ષિત છે?**
આ અભ્યાસમાં તમારા બાળકને નામથી ઓળખવામાં આવશે નહીં. તમારા બાળકના જવાબો તમને અથવા કોઈપણ શાળા અથવા શાળા બોર્ડ સ્ટાફ માટે ઉપલબ્ધ રહેશે નહીં. આ એ સુનિશ્ચિત કરવા માટે છે કે દરેક બાળકના જવાબો ખાનગી અને ગોપનીય રહે. આ અભ્યાસમાંથી તમારા બાળકના શાળાના રેકોર્ડમાં કોઈ માહિતી ઉમેરવામાં આવતી નથી.

**Research and Analytics Department**
Hamilton-Wentworth District School Board
20 Education Court, P.O. Box 2558
Hamilton, ON L8N 3L1

જો MDI માહિતીનો ઉપયોગ સંશોધન પ્રકાશનો અથવા સાર્વજનિક દસ્તાવેજોમાં કરવામાં આવશે, તો તમારા બાળક અને તમારા બાળકની શાળાને કોઈપણ રીતે ઓળખવામાં આવશે નહીં. જો કોઈપણ સમયે તમારું બાળક આ સર્વેક્ષણમાં ભાગ લેવા માંગતું ન હોય, તો તેમના શિક્ષક વૈકલ્પિક શાળા પ્રવૃત્તિ પૂરી પાડશે.

MDI પરની વ્યક્તિગત માહિતી મ્યુનિસિપલ ફ્રીડમ ઑફ ઇન્ફર્મેશન એન્ડ પ્રોટેક્શન ઑફ પ્રાઇવસી એક્ટ (MFIPPA) ની કલમ 28(2) ના પાલનમાં એકત્રિત કરવામાં આવે છે જે જણાવે છે કે કાયદેસર રીતે અધિકૃત પ્રવૃત્તિઓમાં રોકાયેલી સંસ્થાઓ જ્યારે જરૂરી હોય ત્યારે વ્યક્તિઓ પાસેથી વ્યક્તિગત માહિતી એકત્રિત કરી શકે છે. MDI શાળા બોર્ડ માટે દર 2 વર્ષે વિદ્યાર્થીઓની શાળાના વાતાવરણ વિશે સર્વેક્ષણ કરવાની શિક્ષણ મંત્રાલયની જરૂરિયાત પૂરી કરવામાં મદદ કરે છે.

## શાળા અને સમુદાયને કેવી રીતે લાભ થશે?

MDI અભ્યાસ શિક્ષકો, કાર્યક્રમના આયોજકો અને સમુદાયના સભ્યોને બાળકોના પોતાના પ્રતિભાવો દ્વારા બાળકોના જીવન વિશે જાણવામાં મદદ કરે છે. તમારી શાળા અને સમુદાય પરિણામોનો ઉપયોગ બાળકોના જીવનમાં સુધારો કરવા માટે કરી શકે છે. અમે માનીએ છીએ કે આ અભ્યાસ સ્થાનિક બાળકો અને પરિવારોને ઘણા સકારાત્મક લાભો પ્રદાન કરે છે. HWDSB એ સુનિશ્ચિત કરવા માટે કે અમે અમારા સમુદાયમાં વિદ્યાર્થીઓની જરૂરિયાતો પૂરી કરીએ છીએ તે માટે હેમિલ્ટન સિટી સહિતના ભાગીદારો સાથે કામ કરશે. અમે બાળકો અને યુવાનો માટેના તેના કાર્યક્રમો અને સેવાઓને જાણ કરવા અને સમૃદ્ધ બનાવવા માટે સર્વેક્ષણમાંથી બિન-ઓળખાયેલ ડેટા હેમિલ્ટન શહેર સાથે શેર કરીશું.

## હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

કૃપા કરીને MDI વિશે અહીથી ઑનલાઇન વધુ જાણો, જેનો ઉપયોગ અન્ય કેનેડિયન અધિકારક્ષેત્રોમાં થાય છે, www.earlylearning.ubc.ca/mdi.

તમે અમારી વેબસાઇટ https://www.hwdsb.on.ca/elementary/supports/mental-health-and-well-being/mdi/ પર મિડલ યર ડેવલપમેન્ટ સર્વે વિશેની માહિતી અને સંસાધનો પણ મેળવી શકો છો.
જો તમને તમારા બાળકની ભાગીદારી વિશે કોઈ પ્રશ્નો અથવા ચિંતાઓ હોય, તો કૃપા કરીને સંશોધન અને વિશ્લેષણ વિભાગનો અત્રે સંપર્ક કરોresearch@hwdsb.on.ca 905-527-5092.

આભાર સહ,

હેમિલ્ટન-વેન્ટવર્થ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ
રિસર્ચ એન્ડ એનાલિટિક્સ ડિપાર્ટમેન્ટ